# *Family crisis*

**Sharada Mehta**

*Editor's Note: This article is in Gujarati. It was originally written in 1938. It has been scanned from વીસમી સદીનું ગુજરાતી નારીલેખન ("Vees-mi Sadee-nun Gujarati Nari-lekhan", 20th Century women's writing in Gujarati). Nikhil Desai has provided this brief description of the article.*

This memoir - કૌટુંબિક આપત્તિ (Family crisis) – is by Sharada Mehta (1882-1970), who was one of the first Gujarati women college graduates in Ahmedabad. The memoir begins with her circumstances in 1901. The author's wedding had taken place, but she had continued to stay with her parents to complete her last college examination . Just then, her mother-in-law passed away, leaving behind two sons studying in England (one of them the author's husband), a daughter, three young children including a four-year old daughter, and three other children. She mentions how her mother-in-law was enthusiastic about her going to college, and her father-in-law insisted she complete her college examinations before moving in to help with the young children.

She also describes her experience with running a remedial class for a year or so for girls who had dropped out of school, before moving to Vadodara (former Baroda) when her husband returned. She found the Vadodara environment more conservative than in Ahmedabad. She and her husband were unusual in going out for walks together, and even the king seemed to have not been favorable to it initially. She does mention, however, that within a year, a lot many more couples had started taking walks together near the Race Course.

3

# શારદા મહેતા

1882-1970

## કૌટુંબિક આપત્તિ

ચાર વર્ષનો અભ્યાસ પૂરો કરીને બી.એ.ની પરીક્ષા પસાર કરી ત્યારે જીવનનું એક કાર્ય પૂરું થયું તેમ લાગ્યું. પણ ખ્યાલ નહોતો કે એ તો જીવનપ્રવેશનો ઊમરો હતો. જીવનપર્યટન તો બધું પછી શરૂ થવાનું હતું. 1898થી 1901ના નવેમ્બર સુધી કૉલેજજીવન એકધારું વહી ગ્યું. લગ્ન થયું તો હતું, છતાં લગ્નની–ધૂંસરીમાં જોડાવું પડ્યું નહોતું. શ્વશુર પક્ષમાં સૌનો એક જ ખ્યાલ કે બી.એ.નો અભ્યાસ કાંઈ પણ ખલેલ વગર પૂરો કરવા અનુકૂળતા કરી આપવી. મારાં સાસુજી અ.સૌ. ડાહીબહેનને બહુ જ હોંશ હતી. પણ કમનસીબે તેમનું કવખતે મૃત્યુ થયું. 1901ના ફેબ્રુઆરીમાં ન્યુમોનિયાથી તેઓ એકાએક મૃત્યુવશ થયાં. મારા પતિ તે વખત ઇંગ્લૅંડમાં અભ્યાસ કરતા હતા. પરદેશમાં માતાના સ્વર્ગવાસની ખબરથી તેમને અત્યંત દુઃખ થયું હશે, એ ખ્યાલથી મને પણ શોક થયો. ડૉક્ટરસાહેબ (બટુકરાયભાઈ)ની તબિયત સારી નહોતી રહેતી. તેમને ગળાની રગમાં કંઈ રોગ થયો હતો. તેનું દરદ અસહ્ય હતું. એ વેદના હતી તેમાં કવખતે ઘરભંગ થયો. ત્રણ નાનાં છોકરાં (બે છોકરા અને એક ચાર વર્ષની છોકરી) નમાયાં મોં આગળ. અને ત્રણ મોટાં છોકરાં, તેમાં બે પુત્રો ઇંગ્લૅંડમાં અને એક મોટી દીકરી–એમ છ છોકરાંની જવાબદારી એકલાને માથે આવી. પત્નીવિયોગનું દુઃખ એમને અસહ્ય થઈ પડ્યું. નાના બાળકની દેખરેખ રાખનાર કોઈ પાસે જોઈએ જ એમ મને પણ લાગ્યું. મારે બી.એ.ની પરીક્ષા માટે છ મહિના ખૂટતા હતા, છતાં મેં તો છોકરાં પાસે રહેવાની માગણી કરી. ડૉક્ટરસાહેબે ના પાડી. અભ્યાસમાં અડચણ થાય તે તેમને ગમ્યું નહિ. એટલે મારો અભ્યાસ ચાલુ રહ્યો. પણ ડૉક્ટરસાહેબની તબિયત તે વખતથી બગડતી ચાલી તે કદી સુધરી જ નહિ.

1901ના ડિસેમ્બરમાં પરીક્ષાનું પરિણામ જણાયું અને એમાં અમે પાસ થયા, એટલે આખા ગુજરાતના શિક્ષિત વર્ગમાં સૌને સગર્વ આનંદ થયો, કેમકે દક્ષિણી અને પારસી સ્ત્રી-ગ્રૅજ્યુએટ હતી, પણ કોઈ ગુજરાતી સ્ત્રી નહોતી. અમદાવાદમાં સોશિયલ અને લિટરરી ઍસોસિયેશન નામની તે વખતે યુવકોની એક સભા હતી. તેમના તરફથી અમને અભિનંદન આપવાનો મેળાવડો થયો. એ અભિનંદનનો જ્યારે જવાબ આપવાનો આવ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે પરીક્ષા પસાર કરી એટલે સમાપ્તિ નથી થતી, પણ ખરી જવાબદારી તો ત્યારથી જ શરૂ થતી હતી. સમાજના માન્ય સિદ્ધાંતની અવગણના કરીને સહશિક્ષણ

8

લેવાની ધૃષ્ટતા અમે કરી હતી. તેથી ઘણી મોટી કસોટીમાંથી પસાર થવાનું હતું. અમે મેળવેલું જ્ઞાન અમારી પાસે રાખી મૂકવાનું નહોતું, પણ બીજાને તેનો લાભ આપવાનો હતો. એટલે આચાર અને વિચારનાં ઉચ્ચ ધ્યેય સાચવીને જીવનવ્યવહાર ચલાવવો એ અમારું કર્તવ્ય થવું જોઈએ, તથા સેવાના ક્ષેત્રમાં અને સ્ત્રીઓની પ્રગતિમાં સક્રિય ફાળો એ અમારું કર્તવ્યક્ષેત્ર હોવું જોઈએ, એવો ખ્યાલ આવ્યો. સમાજમાં નવો અખતરો થાય તો તે સફળ થાય છે કે નહિ તે જોવા સમાજ અમારી ઉપર નજર રાખે એ સ્વાભાવિક હતું. જુવાન શિક્ષિત પુરુષવર્ગ તરફથી અમને ઘણું સમર્થન મળ્યું હતું. પણ એક એવો મોટો વર્ગ હતો જેમને ગળે અમારી વાત ઊતરતી નહોતી. આ વર્ગે અમને અને અમારા કુટુંબીઓને હલકા પાડવાનો પ્રયાસ કર્યો. પણ સાચી વાત છેવટે તરી આવે છે. તે લોકના બકવાટ શાંત પડી ગયા અને સ્ત્રી-કેળવણી પ્રત્યે લોકોની સહાનુભૂતિ દિવસ જતાં વધવા માંડી.

જે પ્રમાણે અમદાવાદમાં માનપત્ર અપાયું તે પ્રમાણે મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજના ગુજરાતી મંડળ તેમજ ત્યાંના કેટલાક નાગરિકો તરફથી અમને માનપત્ર તથા અભિનંદન મળ્યાં. મતલબ કે મુંબઈનો શિક્ષિત વર્ગ ઉચ્ચ કેળવણીની તરફેણમાં હતો. આ માનપત્રથી કુટુંબસેવા ઉપરાંત સ્ત્રીઓએ સમાજસેવા કરવાની છે, તે અમારી સામે સ્પષ્ટ થયું અને એણે અમારો માર્ગ સરળ કરી આપ્યો. આ અભિનંદનોમાંથી પરવાર્યા પછી કયે માર્ગે જવું તેનો વિચાર કરવાનો અવકાશ મળ્યો. વિદ્યાબહેનનું ક્ષેત્ર નિશ્ચિત હતું. કુટુંબની ફરજ ઉપરાંત રમણભાઈના કામમાં મદદ કરવી તેમજ લેડીઝ કલબ, પ્રાર્થનાસમાજ વગેરે સંસ્થાનું કામ તેમને જ સંભાળવાનું હતું.

મારા પતિનો અભ્યાસ પૂરો થયો નહોતો. તેમને આવવાની વાર હતી. એટલે ઘરકામમાં મદદ ઉપરાંત મારે કાંઈ કાર્યક્ષેત્ર શોધવાનું હતું. બાળપણથી મને શીખવવાનો શોખ હતો. તેથી પ્રાથમિક શિક્ષણ લઈને ઊઠી ગયેલી છોકરીઓને મારા અભ્યાસનો લાભ આપવાનો નિશ્ચય કર્યો. અમદાવાદમાં ખાડિયામાં રણછોડભાઈ કન્યાશાળામાં એક વર્ગ ખોલવાની ઇચ્છા થઈ. પણ વાતાવરણ અનુકૂળ ન લાગ્યું. છોકરીઓને હોંશ–હામ. પણ માતાપિતાને તો બાર વર્ષ ઉપરની છોકરી શાળામાં એકાદ કલાક શિક્ષણ લેવા જાય એ તો અવધિ જ આવી ગઈ લાગતી. ઘણી બાળાઓએ નામ નોંધાવેલાં, પણ ઘેર જઈને વધામણી ખાધી એટલે ઠપકાનો વરસાદ વરસ્યો. તે વખતે નાગર, બ્રહ્મક્ષત્રિય જેવી ઉચ્ચ ગણાતી ન્યાતોમાં આ જ સ્થિતિ હતી.

ખાડિયાનું વાતાવરણ ઠીક ન લાગવાથી રાયપુર તરફ પ્રયત્ન કર્યો. તેમાં થોડેક અંશે સફળતા મળી. થોડો વખત એક ગૃહસ્થના ઘરમાં અને પાછળથી વડનગરા નાગર ક્લબના મકાનમાં વર્ગ ચાલુ રાખ્યો. તેમાં અંગ્રેજી–ગુજરાતી–સંસ્કૃત સાહિત્યનું વાંચન, આરોગ્યનું જ્ઞાન અને સીવણ–ભરત શીખવાતાં. કોઈ વાર મને નવરાશ ન હોય તો મારા મામાની દીકરી બહેન વસંતકુમારી આ કામમાં બહુ સારી મદદ કરતી. આપણા સમાજમાં ઉચ્ચ શિક્ષણનું મહત્ત્વ જરા પણ સમજાયું નહોતું. તેથી વરસેક દિવસ એ વર્ગ ચાલ્યો,

અને જ્યારે મેં 1902માં અમદાવાદ છોડ્યું ત્યારે ધીમે ધીમે બિચારો વર્ગ નાશ પામ્યો. આ ઉપરાંત મહીપતરામ અનાથઆશ્રમમાં બાળાઓ પાસે દર રવિવારે એકાદ બે કલાક નીતિ-ધર્મનું વાંચન કરતી. લેડીઝ ઇન્સ્ટિટ્યૂટમાં મુસલમાન બહેનો માટે લેડી લીલી સીવણવર્ગ ચલાવતાં હતાં. તેમાં દેખરેખ રાખવાનું કામ લીધું હતું. વળી, ડૉક્ટર કલ્યાણવાળા First aid અને નર્સિંગના વર્ગો ચલાવતા તેમાં શિક્ષણ લીધું, અને સેન્ટ જૉન્સ ઍમ્બ્યુલન્સ ઍસોસિયેશન તરફથી સર્ટિફિકેટ મેળવ્યું. આમ એકાદ વર્ષ પસાર કર્યું અને અમદાવાદ છોડવાનો વખત આવ્યો.

## ગૃહસ્થાશ્રમ

1898ના માર્ચ મહિનામાં લગ્ન થયા પછી એક મહિનાની અંદર મારા પતિ ડૉક્ટરનો અભ્યાસ કરવા માટે ઇંગ્લૅંડ ગયા હતા. દરમ્યાન પત્ર દ્વારા થોડોઘણો પરિચય થયો હતો. છતાં અંગત ઓળખાણ નહિ એટલે એક જાતનું પારકાપણું લાગ્યા જ કરતું હતું. ચાર વર્ષના ગાળામાં બેત્રણ મહિના ભાગ્યે જ એ કુટુંબ સાથે રહેવાનો પ્રસંગ આવ્યો હતો. એટલે એકંદરે એ જગત બધું પરાયું લાગતું હતું.

વળી, અમદાવાદથી કેટલાક મિત્રો ઇંગ્લૅંડ ગયેલા. તેમના તરફથી તેમજ બીજા વિઘ્નસંતોષી માણસો તરફથી કાંઈક–કાંઈક ગપગોળા ઊડેલા. તે જમાનામાં બહુ જ થોડા લોકો ઇંગ્લૅંડ જતા અને જઈને પાછા આવેલા પૈકી ઘણા દેશની સંસ્કૃતિ ભૂલીને આવતા. ઇંગ્લૅંડ જાય એટલે ઇંગ્લિશ બૈરીને પરણે, જુદો સંસાર માંડે, અનીતિમય જીવન ગાળે તેવી અફવા ઘણા વિદ્યાર્થીઓને માટે ઊડતી. તે જ પ્રમાણે એમની બાબતમાં પણ થયું. ડૉ. સુમંતને પાછા આવવાનું નક્કી થયું ત્યારે મારા મનની સ્થિતિ કાંઈ વિચિત્ર જ હતી. ડૉક્ટરના પિતા એ અરસામાં એક-બે વાર ઇંગ્લૅંડ જઈ આવેલા. તેમના તરફથી બહુ જ સંતોષકારક હકીકત મળતી. છતાં મનમાં સંશય રહ્યા કરતો. ડૉક્ટર છેલ્લી પરીક્ષામાં ખરાબ તબિયત છતાં સારી રીતે પાસ થઈ ગયા, એટલે હિન્દુસ્તાન પાછા આવવાની તારીખ નક્કી થઈ. નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં એમની સ્ટીમર આવવાની હતી. નવા જ સંસારના આરંભ માટે અનેક તર્ક-વિતર્ક મનમાં થતા હતા. તે વખતે અમદાવાદની લેડીઝ ક્લબમાં મોટો જલસો હતો. તેમાં મેં ખૂબ ભાગ લીધો હતો. મહિનાઓ થયા પ્રૅક્ટિસ કરી હતી. એટલે તે છોડીને મુંબઈ જવાય તેમ નહોતું. મારા કુટુંબના પ્રતિનિધિ તરીકે મુ. રમણભાઈ મુંબઈ ગયા હતા. અહીં શકુંતલાની વિદાયનું નાટક ભજવવાનું હતું અને સંસારમાં પણ સગાં–સ્નેહી વર્ગમાંથી મારે વિદાયગીરી લેવાની હતી. શકુંતલાને વિદાય આપતી વખતે કણ્વમુનિએ કહેલાં વાક્યો કાનમાં ગુંજી રહ્યાં હતાં. સ્ત્રીને પોતાનું સર્વસ્વ છોડીને સામા પક્ષમાં તન્મય થવાનું હોય, તેથી મનની સ્થિતિ વિચિત્ર થાય તે સ્વાભાવિક છે. રમણભાઈએ મુંબઈથી આવીને મને ઘણી જ હિંમત આપી હતી. કાંઈ પણ ચિંતાને સ્થાન નહોતું. છતાં મનમાં તો કેટલોક ડગડગો હતો. છેવટે નવેમ્બરની 25મી તારીખે માતાની શીળી ઓથ છોડીને વડોદરામાં ગૃહસ્થાશ્રમનો આરંભ થયો.

નવા જીવનમાં મને અસંતોષનું કાંઈ જ કારણ રહ્યું નહિ, અને દિવસ જતાં મને લાગ્યું કે પરમાત્માની મારા ઉપર સંપૂર્ણ કૃપા હતી. અમારે નવી મિત્રાચારી બાંધવાની હતી. પણ પ્રેમનો પંથ જ ન્યારો છે. એક આત્મા બીજા આત્માને ઓળખે પછી અશ્રદ્ધાને સ્થાન નથી રહેતું. આરંભના દિવસો વિચારની આપલે કરવામાં, જીવનનાં ધ્યેય ઘડવામાં, પ્રગતિ કરવાના ઉપાય સાધવાના વિચાર કરવામાં અને બને તેટલું લોકોપયોગી કાર્ય કરવાનાં સ્વપ્નો ઘડવાની વાતોમાં વ્યતીત થતા. સ્વભાવ એકમેકને અનુકૂળ પડશે તેમ લાગતું ગયું તેમ અમારો માર્ગ સરળ અને સુખી થતો ગયો. કાયમની મિત્રાચારી બાંધવી એ કામ કાંઈ સરળ નથી. બંને પક્ષમાં – give and take – લે-મૂકની ભાવના રહેલી હોય તો જ સંબંધ સુખી રહે. સ્વભાવની ભિન્નતા છતાં મન સ્વચ્છ હોય, નિખાલસતા હોય અને ઉચ્ચ આશય હોય તો મિત્રાચારી ટકી રહે.

અમદાવાદ કરતાં ગાયકવાડી વાતાવરણ સંકુચિત હતું. ગૃહસ્થ કુટુંબની સ્ત્રીઓથી ચાલતાં જાહેર રસ્તે ફરવા જવાય નહિ, ગાડીના પડદા બંધ રાખવા પડે, સ્ત્રી-પુરુષોની એકઠી સભા હોઈ શકે નહિ – આવાતેવા સંકોચ ઘણા હતા. અમારો એક જ નિશ્ચય હતો: જે કામ સારું હોય, દેશની પ્રગતિને ધક્કો પહોંચે તેવું ન હોય તો તે કરવામાં લોકોની ટીકાનો વિચાર કરવો નહિ. એટલે સાંજસવાર અમે બંને પગે ચાલતાં ફરવા જતાં. આ પ્રમાણે સ્ત્રી-પુરુષ કોઈ પણ કુટુંબમાંથી સાથે ફરવા જતાં નહિ, એટલે લોકો અમારા સામું ટીક્યાં કરતાં. ખુદ અમારા મહારાજાસાહેબ, જેમણે અનેક વાર યુરોપની મુસાફરી કરેલી, તેમને પણ આ વસ્તુ ખૂંચેલી. ખેર! અમે તો ચાલુ રાખ્યું અને બાર મહિનાની અંદર વડોદરાના અધિકારી વર્ગમાંથી કેટલાંયે યુગલ સવારસાંજ ઘોડદોડ પર ફરવા જતાં માલૂમ પડવા લાગ્યાં. આજ તો આ વસ્તુ તદ્દન મામૂલી લાગશે. પણ ત્રીસ વર્ષ ઉપર આપણું ગુજરાતી જગત કેવું હતું તેનો ખ્યાલ આ બીનાથી આવી શકશે.

'જીવન સંભારણાં' (1938)



www.indiaofthepast.com